ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૧/૩૬-૬૯

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડો.જે.એમ.ભવન,
ગુ.રા.,ગાંધીનગર
તા.૨/૧/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

વિષય:- રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓની વિગત રજુ કરવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)-ગ તા.૨/૭/૧૯૯૯
(૨) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૦/૨૩૮૨૯-૬૨ તા.૨૯/૧૨/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓની વિગતો સદર કચેરીને રજુ કરવા જણાવેલ છે અને જુના શિક્ષકોની ખાલી જગ્યાઓ જિલ્લા કક્ષાએ જાળવી રાખવા જણાવેલ છે.

પરંતુ જુના શિક્ષકોની ખાલી જગ્યાઓના અર્થઘટન બાબતે વિવિધ જિલ્લાઓમાં વિસંગતતા પ્રવર્તતી હોવાનું ધ્યાને આવેલ છે. સદર બાબતે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૨/૭/૯૯ના ઠરાવથી જુના શિક્ષકની જોગવાઈ અમલી બનેલ છે. તા.૨/૭/૯૯ના ઠરાવ બાદ જે શાળામાં હાલ ભરતીનો પ્રથમ પ્રસંગ હોય તો તે શાળામાં જુના શિક્ષકની જગ્યા દર્શાવવાની રહેશે. પરંતુ તા.૨/૭/૯૯ના ઠરાવ બાદ જે શાળાઓમાં અગાઉ જુના શિક્ષકની ભરતી માટે NOC અપાયેલ હોય અને જુના શિક્ષક ન મળવાના કારણે શિક્ષણ સહાયકથી જગ્યા ભરાયેલ હોય તો તેવી શાળાઓમાં જુના શિક્ષકનો બેકલોગ ધ્યાને લેવાનો રહેશે નહીં.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.,ગાંધીનગર